# ગાંધીનગર જિલ્લામાં પ્રધાનમંત્રી કિસાન સમ્માન નીધિ યોજનાનો આરંભ દહેગામ ખાતેથી થયો

ગાંધીનગર, તા. ૨૪

સમગ્ર દેશમાં આજથી પ્રધાનમંત્રી કિસાન સમ્માન નિધિ યોજના ( PM-KISAN) યોજનાના આરંભ દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના હસ્તે થયો છે. જે અંતર્ગત આ યોજનાનો આરંભ ગાંધીનગર જિલ્લામાં દહેગામ તાલુકાના પલૈયા ગામ ખાતે યોજાયેલ એક કાર્યક્રમમાં યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડના ઉપાધ્યક્ષ શ્રીમતી ભાવનાબેન દવેની ઉપસ્થિતિમાં થયો હતો.

આ પ્રસંગે યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડના ઉપાધ્યક્ષ શ્રીમતી ભાવનાબેન દવે જણાવ્યું હતું કે, આજે દેશના કિસાનોની સન્માન કરતી યોજના પ્રધાનમંત્રી કિસાન સમ્માન નિધિ યોજનાનો આરંભ દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ઉત્તરપ્રદેશના ગોરખપુર ખાતેથી કરી છે. દેશમાં આજથી થોડાક વર્ષો અગાઉ કેન્દ્ર સરકારની વિવિધ યોજનાની સહાયના નાણાં સાચા લાભાર્થીઓ સુધી પહોંચતા ન હતા. તેમજ સહાય પહોંચે તો પુરે પુરી લાભાર્થીને મળતી ન હતી. જેમાં તે સમયની સરકારના શાસનમાં વચેટિયાઓ ફાવી જતા હતા. પરંતુ ગુજરાતના સપુત અને દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વવાળી કેન્દ્ર સરકારમાં વિવિધ સહાય યોજનાના નાણાં સીધા લાભાર્થીઓના બેંક એકાઉન્ટમાં નાખવામાં આવી રહ્યાં છે. પ્રધાનમંત્રી કિસાન સમ્માન નિધિ યોજનામાં પણ કિસાન લાભાર્થીઓના ખાતામાં રૂપિયા જમા થશે. આ નાણાં કેવી રીતે આવશે અને આ યોજનાની વિસ્તૃત માહિતી ઉપસ્થિત સર્વે લોકોને આપી હતી.



ગાંધીનગર જિલ્લામાં પ્રધાનમંત્રી કિસાન સમ્માન નિધિ યોજના અંતર્ગત ૧,૦૨, ૦૩૯ ખેડૂત પરિવારની નોંધણી કરવામાં આવી છે. જેમને આ યોજના પેટે રૂ. ૬૧૨૨ લાખ રકમની ચુકવણી કરવામાં આવશે. જેમાં કલોલ તાલુકામાં ૨૪,૦૦૨ ખેડૂત પરિવારને રૂપિયા ૧૪૪૦ લાખ, માણસા તાલુકામાં ૨૭,૬૧૭ ખેડૂત પરિવારને ૧૬૫૭ લાખ, ગાંધીનગર તાલુકામાં ૨૬,૨૯૬ ખેડૂત પરિવારને રૂપિયા ૧૫૭૮ લાખ અને દહેગામ તાલુકામાં ૨૪,૧૨૪ ખેડૂત પરિવારને ૧૪૪૭ લાખ રકમની ચુકવણી થનાર છે. ગાંધીનગર જિલ્લામાં પ્રથમ હપ્તામાં બે હજાર રૂપિયા લેખે રૂ. ૨૦ કરોડ ૪૦ લાખ ૭૮ હજારની ચુકવણી કરવામાં આવનાર છે.

આ પ્રસંગે જિલ્લા વિકાસ અધિકારી આર.આર. રાવલે મહાનુભાવોનું સ્વાગત કરીને પ્રધાનમંત્રી કિસાન સમ્માન નિધિ યોજના વિશેની વિસ્તૃત માહિતી દષ્ટાંતપૂર્વક આપી હતી.

આ કાર્યક્રમમાં 'મન કી બાત'નું પ્રસારણ કરવામાં આવ્યું હતું. તેમજ ઉત્તર પ્રદેશના ગોરખપુર ખાતેથી પ્રધાનમંત્રી કિસાન સમ્માન નિધિ યોજનાની આરંભ કાર્યક્રમનું લાઈવ પ્રસારણ પણ પ્રસારિત કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ગાંધીનગર(દ)ના ધારાસભ્ય શંભુજી ઠાકોર, દહેગામના ધારાસભ્ય બલરાજસિંહ ચૌહાણ, ગાંધીનગર જિલ્લા ભાજપ પ્રમુખ નૈલેશભાઈ શાહ, દહેગામના અગ્રણી સુમેરૂભાઈ અમીન, જિલ્લા ખેતીવાડી અધિકારી ડી.પી. જાદવ, નાયબ ખેતી નિયામક (વિસ્તરણ) મહાવીરસિંહ વાઘેલા નાયબ જિલ્લા વિકાસ અધિકારી મનિષાબેન પટેલ, ગાંધીનગર પ્રાંત અધિકારી સહિત મોટી સંખ્યામાં ખેડૂતો ઉપસ્થિત રહ્યાં હતાં.

## શહીદોની યાદમાં વૃક્ષારોપણ

ગાંધીનગર, તા.૨૩

પુલવામા માં શહીદ થયેલા વીર શહીદોની યાદમાં કિસાનનગર વસાહત મંડળ સે-૨૬ દ્વારા દરેક જવાન દીઠ વૃક્ષારોપણ... કરવાનો કાર્યક્રમ યોજાયો હતો.

કાર્યક્રમમાં ગાંધીનગર કોર્પોરેશનના મેયર દેવેન્દ્રસિંહ ચાવડા, વોર્ડના કોર્પોરેટરો, વસાહત મંડળના પ્રમુખ એસ.એસ. પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના અંતે શ્રદ્ધાંજલિ અર્પણ કરી કેન્ડલ માર્ચ યોજવામાં આવી હતી.

# ફોકસવેગન ગાડીમાંથી ૨૦ કટ્ટા દેશી દારુ સાથે એકની ધરપકડ

ગાંધીનગર, તા.૨૪

રાંધેજા ફાટક પાસેથી દેશી દારુ ભરેલી ફોકસ વેગન કાર અને ડ્રાઈવર ને પેથાપુર પોલીસે ઝડપી પાડ્યો છે. પેથાપુર પોલીસના જણાવ્યા મુજબ જિલ્લા પોલીસ વડા દ્વારા પ્રોહીબિશન ડ્રાઈવનું આયોજન કર્યું હતું. ત્યારે ડ્રાઈવ દરમિયાન પેથાપુર પીએસઆઈ એ.જી.એનુરકાર તેમજ એએસઆઈ હર્ષરાજસિંહ દિલીપસિંહ સહિતના ટીમના સભ્યો પેટ્રોલીંગમાં હતા. તે દરમિયાન અ.પોકો.ગોવિંદસિંહ દીપસિંહને બાતમી મળી હતી કે સફેદ કલરની ફોકસ વેગન કાર નં જી.જે.૧.કે.ક્યુ.૮૦૬૦ માં દેશી દારુ ભરી બાલવા ચોકડીથી ગાંધીનગર તરફ પસાર થવાની છે. જેને પગલે પોલીસે રાંધેજા ફાટક ખાતે પેથાપુર વન મોબાઈલ તેમજ પીસીઆર સાથે વોચમાં રહેતા બાતમીવાળી કાર દેખાતા જ કોર્ડન કરી લેતા કાર ઉભી રાખતા ડ્રાઈવર પ્રવિણભાઈ નાનારામ સોનવણે રહે.મંદ્રાસીની ચાલી, સેન્ટ્રલ જેલ રોડ, સુભાષબ્રિજ, અમદાવાદના કારમાંથી પ્લાસ્ટીકના કટ્ટા-૨૦ કુલ ૭૬૦ લીટર દેશીદારુ, કિ.રૂ. ૧૫,૨૦૦ તેમજ બે મોબાઈલ ફોન કૃ.રૂ.૩૦૦૦ અને ફોકસવેગન કાર કિ. ૨,૫૦,૦૦૦ ના મુદ્દામાલ સહિત રૂ. ૨,૬૮,૨૦૦ નો મુદ્દામાલ સાથે એકની ધરપકડ કરી પીએસઆઈ એ.જી.એનુરકારે વધુ તપાસ હાથ ધરી છે.

## આંબામાં ફ્લાવરીકરણથી ખેડૂતોમાં ખુશખુશાલી

ચિલોડા પંથકમાં આંબાવાડીમાં ઠંડીનો મિજાજ સાથે આંબા ઉપર ફ્લાવરીકરણ પુરજોશમાં થતાં ખેડૂતોમાં ખુશીની લહેર પ્રવર્તી રહી છે. આંબા પર ચાલુ સાલે પોષ માસમાં ફ્લાવરીકરણ થયા બાદ આંબા પર મંજરીની સાથે મોરવા (નાની કેરી) પણ લાગેલી જોવા મળતાં સારો વરસાદના સંકેતો મળતાં ખેડૂતો તર્કવિતર્ક કરી રહ્યા છે. ત્યારે ઠંડીનો મિજાજ તેમજ કમોસમી વરસાદ વાદળછાયાની સ્થિતિ ચાલુ રહે તો આંબા પરનો વધુ મોર ખરી પડવાની ચિંતા ખેડૂતોમાં સતાવી રહી છે. આંબા પર વધુ ફૂટેલી મંજરી પરથી સારી રીતે કેરી બેસે તેવી અપેક્ષા સેવી રહ્યા છે. આંબાવાડીયામાં મોર ખરી ન પડે તે માટે ખેડૂતો જરૂરી જંતુનાશક દવાનો છંટકાવ કરવા પ્રયાસો હાથ ધર્યા છે.



## રણાસણ ગામેથી જુગારીઓ ઝડપાયા

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર જિલ્લાની ડભોડા પોલીસ પોતાના વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન ખાનગી રાહે બાતમી મળી હતી કે રણાસણ ગામની સીમમાં આવેલા દિપેશ્વરી માતાજીના મંદિરની બાજુમાં ચિરાગ રમેશભાઈ ઠાકોરના ખેતરમાં ખુલ્લી જગ્યામાં દિલીપજી ઉર્ફે કારાજી સોમાજી ઠાકોર, કેતનજી મેલાજી ઠાકોર અને વિપુલ કુમાર રમેશજી ઠાકોર તમામ રહે.રણાસણ ગામ તા.જી. ગાંધીનગર જાહેરમાં જુગાર રમતા ઝડપાઈ ગયા છે. શકુનીઓની અંગ ઝડતી તેમજ દાવ ઉપરથી કુલ રોકડ રૂ. ૧૨૫૩૦ તેમજ બે મોબાઈલ ફોન કિં.રૂ. ૧૦૦૦ અને જુગારના ગંડજી પાના નં.૨ સહિત કુલ કિ.રૂ. ૧૩૫૩૦ ના મુદ્દામાલ સાથે પકડી પાડી તમામ સામે ડભોડા પોલીસે જુગારધારાનો ગુનોં નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## છત્રાલ ખાતેથી અંદાજીત ૩૦ લાખનો દારૂ ઝડપાયો

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકા પોલીસ મથકના હદ વિસ્તારમાં આવતા છત્રાલ ઈન્ડસ્ટ્રીયલ એરીયામાંથી અંદાજીત રૂ. ૩૦ લાખનો વિદેશી દારૂ સ્ટેટ મોનીટરીંગ સેલ (વીજીલન્સ) દ્વારા સ્વીફ્ટકાર નં. જીજે.૧.આરસી.૬૯૨૦માંથી ઝડપી પાડવામાં આવ્યો હતો. સ્ટેટ પ્રાથમીક તપાસમાં જાણવા મળ્યા મુજબ આ દારૂનો જથ્થો અમદાવાદના બુટલેગરોનો હોવો જોઈએ અને છત્રાલ જીઆઈડીસી ખાતે તેનો સંગ્રહ કરી અમદાવાદના જુદા જુદા વિસ્તારના જેમ કે સરદારનગર, કુબેરનગર અને કિષ્નનગરના બુટલેગરોને પહોંચાડવાનો હોય તેમ જાણવા મળ્યુ છે. સ્ટેટ મોનીટરીંગ સેલે રૂ. ૨૯ લાખનો વિદેશી દારૂ અને રૂ. ૩૦ લાખનો મુદ્દામાલ ઝપ્ત કર્યો છે. ગાંધીનગર જિલ્લામાં સ્ટેટ મોનીટરીંગ સેલે સપાટો બોલાવતા બુટલેગરોમાં હડકંપ મચી ગયો છે.

## ભારત જન વિજ્ઞાન જાથા દ્વારા માનસિક રોગો વિષેની ભ્રમણાઓ વિષે કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૨૪

ભારત જન વિજ્ઞાન જાથાએ લોધિકાના નગર પીપળીયામાં વિજ્ઞાન જાથાનો ચમત્કારોથી ચેતોના કાર્યક્રમ યોજેલ હતો. ભારતમાં માનસિક રોગો વિશે ભિન્ન વિચારો-ભ્રમણાઓ વિષે સમજ માર્ગદર્શન આપ્યું હતું.

# ગુજરાતી જો ચાહે ગુજરાતીને તો ચોક્કસ વિકસે ગુજરાતી

## માતૃભાષા ગૌરવ પ્રતિષ્ઠાન દ્વારા આયોજિત અભિવાદન સમારોહમાં શ્રેષ્ઠ શિક્ષક ઉમાકાન્ત રાજ્યગુરૂનું સન્માન કરાયું

ગાંધીનગર, તા. ૨૪

"ગુજરાતી જો ચાહે ગુજરાતી, તો ચોક્કસ વિકસે ગુજરાતી'' આ શબ્દો છે આજે માતૃભાષા ગૌરવ પ્રતિષ્ઠાનના પ્રથમ અભિવાદન સમારોહમાં સન્માનિત થયેલા ગુજરાતી ભાષાના શ્રેષ્ઠ શિક્ષક પુરસ્કાર વિજેતા ઉમાકાન્ત રાજ્યગુરુના. આજે ગાંધીનગરના સેક્ટર-૧૫માં ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ ટીચર એજ્યુકેશનના ઓડિટોરિયમ ખાતે ગુજરાતી ભાષાની સજ્જતા, સંવર્ધન અને સરંક્ષણ માટે કાર્યરત માતૃભાષા ગૌરવ પ્રતિષ્ઠાન દ્વારા આયોજિત અભિવાદન સમારોહ યોજાયો હતો.

અભિવાદન સમારોહમાં સન્માનિત શિક્ષક ઉમાકાન્ત રાજ્યગુરુએ તેમની મધુર શૈલીમાં સંબોધન કરતા જણાવ્યું હતું કે અત્યારે માતૃભાષા માટે લડવૈયા યૌદ્ધા બનવાની જરૂરી છે. તેમણે ગુજરાતીને સંસ્કૃત કરતા પણ સરળ ગણાવતા ચેતવ્યાં હતા કે શિક્ષણની ભૂલ આખા રાષ્ટ્રના પાયાને હચમચાવશે. "મા અને માસ્તર'' બંને બીજાને વિકસાવવા કાર્યરત હોય છે તેવા સટિક ઉદાહરણ દ્વારા તેમણે કૌટિલ્યને યાદ કરતાં સ્પષ્ટ મત વ્યક્ત કર્યો હતો કે "શિક્ષકો આગળ આવે અને રાષ્ટ્રને વિકસાવે.'' આ કાર્યક્રમમાં ઉપસ્ત કવિ-કટારલેખક તથા રાજ્ય સરકારના ખાસ ફરજ પરના અધિકારી રહી ચુકેલા ભાગ્યેશ જહાએ કહ્યું હતું કે "જે પ્રજા મહેનતુ હોય છે તે પ્રજાને પોતાની ભાષા માટે ગૌરવ હોય છે.'' તેમણે કહ્યું હતું કે "ભ્રષ્ટાચારની વાતો વર્ગખંડમાં પણ થવી જોઈએ તો જ તે દૂર થશે'' આ સાથે તેમણે યુવા પેઢી અને ટેકનોલોજી ગુજરાતી ભાષાને જરૂર બચાવશે તેવો આશાવાદ વ્યક્ત કર્યો હતો. આ કાર્યક્રમમાં ગાંધીનગર સમાચારના તંત્રી કૃષ્ણકાન્ત જહાએ જણાવ્યુ હતું કે "શિક્ષકથી જે વાત શરૂ થાય તે સમાજના છેવાડા સુધી પહોંચે છે.'' કાર્યક્રમના પ્રારંભે માતૃભાષા ગૌરવ પ્રતિષ્ઠાનના મંત્રી ડૉ. જય ઓઝાએ સ્વાગત પ્રવચન કર્યુ હતુ અને સંસ્થાના ન્યાસી તથા જાણીતા ગઝલકાર કિશોર જીકાદરાએ મહેમાનોનો પરિચય કરાવ્યો હતો. કાર્યક્રમમાં મુખ્ય મહેમાન પદે ઉપસ્થિત રહેલા જાણીતા સાહિત્યકાર-ચિત્રકાર માધવ રામાનુજ ટૂંકી વાર્તા કહી માતૃભાષાનું મહત્વ સુપેરે સમજાવ્યું હતું.

માતૃભાષા ગૌરવ પ્રતિષ્ઠાનના ઉપાધ્યક્ષ હર્ષદભાઈ પ્ર. શાહે માધવ રામાનુજની પંક્તિઓ "આજે યૌવન યજ્ઞમાં આહુતિ આપો''થી વાતની શરૂઆત કરતા ચિંતા પણ વ્યક્ત કરી હતી કે "સાચું અને સારૂ લખેલું નહી હોય તો આજે ભલે બધા બોલે છે પણ પછી તેને વાંચશે કોણ અને બોલશે કોણ ?'' આ સાથે તેમણે ભાષાની શુદ્ધિ પર ભાર મુકતા કહ્યું હતું કે "જો માતૃભાષા અશુદ્ધ રીતે લખાશે તો ઘણા અનર્થ સર્જાશે.'' અંતમાં તેમણે માતૃભાષાના ગૌરવબીજને બચાવવા પ્રયત્નો છોડવામાં નહીં આવે તેવી કટિબદ્ધતા વ્યક્ત કરી હતી. કાર્યક્રમના અંતમાં જીપીએસસીના પૂર્વ સભ્ય પ્રવિણભાઈ વઘાસીયાએ આભાર દર્શન વ્યક્ત કર્યુ હતુ. કાર્યક્રમ દરમ્યાન જેઠાભાઈ પટેલ લિખિત પુસ્તક "સંપૂર્ણ ગુજરાતી વ્યાકરણ''નું વિમોચન પણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં સાહિત્યકારો તથા ભાષાપ્રેમીઓ ઉપસ્થિત રહ્યાં હતા.



સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા ગાંધીનગરમાં સે-૧૬ સ્થિત બ્રહ્મભવન ખાતે આજે સમુહયજ્ઞોપવિતનો કાર્યક્રમ યોજયો હતો. આ દરમિયાન ૨૧ બટુકોને યજ્ઞોપવિત સંસ્કારથી પાવન કરાયા હતા. બટુક યાત્રામાં પણ સમાજના આગેવાનો સહીત મોટી સંખ્યામાં સભ્યો જોડાયા હતા. જનોઈ પુર્વેના દિવસે સાંજે રાસગરબા તેમજ સંગીત સંધ્યાના કાર્યક્રમનુ આયોજન પણ કરાય હતુ.

## નાયબ મુખ્યમંત્રી સુજલામ સફલામ જળ અભિયાનનો આજે મહેસાણાથી પ્રારંભ કરાવશે

મહેસાણા જિલ્લામાં સુજલામ સુફલામ જળ અભિયાન ૨૦૧૯નો શુભારંભ મહેસાણાના પાલાવાસણા ખાતે ૨૫ ફેબ્રુઆરી સોમવારે સવારે ૯-૪૫ કલાકે નાયબ મુખ્યમંત્રી પ્રારંભ કરાવનાર છે. પાલાવાસણા ખાતે શહિદ વીર પ્રહલાદ પટેલવાડી ખાતે નાયબ મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને કાર્યક્રમ યોજાનાર છે. કાર્યક્રમમાં સંસદ સભ્ય જયશ્રીબહેન પટેલ, દંડક ભરતસિંહ ડાભી સહિત ધારાસભ્યઓ, સહભાગી સંસ્થાઓ, મહાનુભાવો અને નાગરિકો ઉપસ્થિત રહેનાર છે. ૨૫ ફેબ્રુઆરીથી ૩૧ મે ૨૦૧૯ દરમિયાન જિલ્લામાં હાથ ધરવાના સુજલામ સુફલામ જળ અભિયાન-૨૦૧૯ના શુભારંભ પ્રસંગે ઉપસ્થિત રહેવા જિલ્લા કલેકટર એચ.કે. પટેલ અને જિલ્લા વિકાસ અધિકારી એમ.વાય. દક્ષિણીએ આમંત્રણ પાઠવેલ છે.

# ગુડામાં સ્વાગત છે : ડામરના રોડમાં ડામર અદ્રશ્ય છતાં બીલો ચૂકવાયા, ફુટપાથ પર નાસ્તાના અડ્ડા

ટાઈમ લાઈન - ગૌતમ પુરોહિત

ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ -ગુડા- એ એક સ્કીમ બહાર પાડી છે જે આખા દેશમાં કદાચ યુનિક હશે. ન્યૂ ગાંધીનગર વિસ્તારમાં કરવામાં આવેલા માર્ગના કામોમાં જે કોન્ટ્રાક્ટરોને કામ આપવામાં આવ્યું છે તેમાં ડામરનો ઉપયોગ થતો નથી અને રૂપિયા ડામરના ચૂકવાય છે. આ કોન્ટ્રાક્ટરોએ બનાવેલા ડામરના રોડમાં ડામર જ અદ્રશ્ય છે, પરિણામે ગુડાની સોસાયટીઓમાં લોકોને એવા માર્ગ મળ્યા છે જેને મ્યુઝિયમમાં મૂકી શકાશે. માત્ર કપચી અને માટીનું મિશ્રણ વાહનચાલકોની આંખમાં વાગે છે. ટાયર પણ સ્લીપ થઈ જાય એ નફામાં...ગુડાના વહીવટકર્તાને સલામ છે, જે ચીજ વપરાઈ નથી તેના બીલો બનાવીને પેમેન્ટ કરી દેવામાં આવ્યું છે. ગુડાએ તેના વિસ્તારમાં માર્ગો માત્ર ગાડીઓના પાર્કિંગ માટે બનાવ્યા છે અને ફુટપાથ લારી-પાથરણાવાળા માટે અનામત કરી દીધા છે. મોદીના સ્વચ્છતા અભિયાનના ગુડામાં ચિંથરા ઉડે છે. ન્યૂ ગાંધીનગર જાણે કે ઉકરડામાં ફેરવાઈ ગયું છે. બાળકોના બગીચા બનાવવાની જગ્યાએ એપાર્ટમેન્ટ ચણી લેવામાં આવ્યા છે. આ ખૂબસુરત નજારો જોવો હોય તો ગુડા ને દરવાજે કોઈક દિવસ પધારજો...

## યે તો કમાલ હો ગયા: ૫૨ IAS અને ૧૨૫ GAS કેડરના ઓફિસરોની ઘટ, ૨૨ ડેપ્યુટેશન ઉપર

**ગુજરાતના વહીવટી તંત્રની હાલત તો જુઓ...**

ગુજરાતના વહીવટી તંત્રમાં ૫૨ જેટલા આઈએએસ અને ૧૨૫ જીએએસ ઓફિસરોની જગ્યા ખાલી પડેલી છે. આ જગ્યાઓ પર સામાન્ય રીતે કેન્દ્ર સરકારનું ડિપાર્ટમેન્ટ ઓફ પર્સોનલ એન્ડ ટ્રેનિંગ- હૈં નિયુક્તિ કરતી હોય છે. ગુજરાત સરકારમાં અધિકારીઓની ઘટના કારણે બીજા અધિકારીઓને વધારાના હવાલા આપવામાં આવે છે તેથી વહીવટમાં અસર થાય છે. હાલ રાજ્યના ૨૨ જેટલા આઈએએસ અધિકારીઓ ડેપ્યુટેશન પર ગુજરાત બહાર વિવિધ જગ્યાએ ફરજ બજાવે છે. એટલે કે રાજ્યમાં ૭૨ અધિકારીઓ ઓછા છે. સરકારનો સામાન્ય વહીવટ વિભાગ કહે છે કે, સીધી ભરતી એટલે કે ઈઈ પ્રમાણે આઠ અધિકારીઓની ફાળવણી પ્રક્રિયા ચાલી રહી છે. જો કે ડેપ્યુટેશન એક સરકારી પ્રક્રિયાનો ભાગ હોઈ કોઈપણ રાજ્યએ ઓફિસરોને મોકલવા પડે છે. બીજી તરફ રાજ્યની વહીવટી સેવા ૪૭જી માં મંજૂર મહેકમ પ્રમાણે ૨૯૦ ઓફિસરો જોઈએ પરંતુ આ કેડરમાં ઓફિસરોની ખાલી જગ્યાનો આંકડો ૧૨૫ થાય છે.

**અભયમ હોવા છતાં મહિલા અત્યાચાર વધે છે...**

ગુજરાતમાં ૪૮ મહિલા પોલીસ સ્ટેશન અને મહિલાની સલામતી માટે ટોલ ફ્રી અભયમ નંબર ૧૮૧ હોવા છતાં મહિલા પરના અત્યાચારના બનાવો વધી રહ્યાં છે. રાજ્યના ગૃહ વિભાગે આપેલા આંકડા પ્રમાણે છેલ્લા પાંચ વર્ષમાં મહિલા અત્યાચારના મુખ્ય બનાવો પૈકી અપહરણના ૭૯૭૩ બનાવો બન્યાં છે. ૨૬૯૦૭ મહિલાઓ ગૂમ થઈ છે. ૫૯૭૦ મહિલાઓની છેડતીની ઘટનાઓ સામે આવી છે. રાજ્યમાં પાંચ વર્ષમાં બળાત્કારની ૪૩૬૫ ઘટનાઓ સામે આવી છે. એટલે કે રોજની બે મહિલા પર બળાત્કાર થાય છે. રોજના ત્રણ અપહરણ થાય છે. સરેરાશ રોજની ૧૪ મહિલાઓ ગૂમ થાય છે અને રોજના છેડતીના બનાવો ત્રણ બને છે. રાજ્યમાં એક તથ્ય એવું પણ સામે આવ્યું છે કે મહિલા પોલીસ સ્ટેશન હોવા છતાં અત્યાચારનો ભોગ બનેલી મહિલાઓ ત્યાં જતી નથી, કારણ કે ફરિયાદ કરનારી મહિલા ખુદ આરોપી હોય તેવી રીતે તેને ટ્રીટ કરવામાં આવે છે.

## 'અભયમ' ગુજરાતમાં રોજના ૨ બળાત્કાર, 3 અપહરણ, ૧૪ મહિલા ગૂમ, છેડતીના 3 બનાવો

**લોકસભાની ચૂંટણી આવી રહી છે- કરો યા કરવા દો...**

લોકસભાની ચૂંટણી આવી રહી છે. માર્ચના પહેલા સપ્તાહમાં ભારતનું ચૂંટણી પંચ તબક્કાવાર ચૂંટણીઓ જાહેર કરશે. જે દિવસે જાહેરાત થશે તે દિવસથી આખા દેશમાં આચાર સંહિતાનો અમલ કરવો પડશે. એટલે કે કેન્દ્ર કે રાજ્ય- કોઈ સરકાર જનતાને લોભામણી કોઈ જાહેરાત કરી શકશે નહીં. ગુજરાત સરકાર પાસે પણ માંડ દસ દિવસ બચ્યાં છે. રાજ્યમાં હજી વહીવટી તંત્રની બદલીઓ કરવાની બાકી છે. જેમના બદલીના ઓર્ડર થયા નથી તેમને દસ દિવસની રાહ જોવાની છે, કેમ કે તે પછી ચૂંટણી પંચ બદલીઓની ફાઈલ હાથ પર લેવાનું છે. પંચે તો રાજ્ય સરકારોને ચેતવણી આપી દીધી છે કે ૨૮ની ફેબ્રુઆરી અંતિમ તારીખ છે. એ પછી સરકાર ચૂંટણી પંચની મંજૂરી વિના બદલીના કોઈ ઓર્ડર કરી શકશે નહીં.

**ખનીજ ચોરી- ડ્રોન ઉડાવો તો પણ રોકાશે નહીં...**

ગુજરાતમાં વિવિધ ખનીજનું ગેરકાયદે ખોદકામ કરવામાં આવે છે. ખાસ કરીને નદીની રેતીમાં સૌથી વધુ ગેરકાયદે ખોદાણ થાય છે. સરકાર દંડ વસૂલ કરે છે અને ફરી પાછું કૌભાંડ થઈ જાય છે. છેલ્લા પાંચ વર્ષનો હિસ્ટ્રી જોઈએ તો ખનીજ વિભાગે ૩૪૦૦૦ જેટલા કેસ કર્યા છે. આ કેસોની સંખ્યા દર વર્ષે સરેરાશ ૭૦૦૦ની આસપાસ છે. સરકારે પાંચ વર્ષમાં ૨૨૫ કરોડ રૂપિયાની વસૂલાત કરી છે. રૂપાણી સરકારે ખનીજોના ગેરકાયદે ખનનને રોકવા માટે ખનીજ વિસ્તારમાં ડ્રોન કેમેરા ઉડાડ્યા છે. સરકારનો દાવો છે કે તેનાથી ચોરી પકડાઈ જાય છે, પરંતુ સરકાર એ પણ જાણે છે કે ચોર ને ચાર આંખ હોય છે. પહેરો લગાવો કે કેમેરા ગોઠવો ચાલાકી સામે બધું નકામું છે.

**ટાટા સામે પગલાં નહીં લઇ શકાય- તેવું ઠરાવ કહે છે...**

ટાટા મોટર્સની સિંગુર થી સાણંદની સફર ગુજરાત માટે મોંઘી સાબિત થઈ છે. ૨૦૦૮માં એક લાખ રૂપિયાની નેનો કાર ગુજરાતમાં બનશે તેનો જશ્ન મનાવવામાં આવ્યો હતો. સરકારે મોટા ઉપાડે સાણંદની ૧૧૦૦ એકર જમીન ટાટાને મફતના ભાવમાં આપી દીધી હતી. એટલું જ નહીં બીજા હજારો કરોડના ઈન્સેન્ટીવ અને લોનની સુવિધા કરી આપી હતી. એ વખતે જે કરાર થયા હતા તેમાં એક એવી પણ શરત હતી કે કંપની સામે સરકાર શરતભંગના કોઈપણ જાતના પગલાં લઈ શકશે નહીં. વાત છે નેનો કારની— તો કંપનીએ સાણંદમાં ૫૯૫૪ કરોડનું મૂડીરોકાણ કર્યું છે, જેની સામે કંપનીએ પાંચ વર્ષમાં ૭૧,૦૮૩ નેનો કાર બનાવી છે. જો કે દાવો કર્યો હતો કે પહેલા સ્ટેજમાં વર્ષે ૨.૫૦ લાખ અને બીજા સ્ટેજમાં ૫ લાખ નેનો બનશે. ગુજરાત મેં એક સૌદા ઐસા ભી હુઆ હૈ!

## પાંચ વર્ષમાં ૯૪ કરોડ ખર્ચ કર્યો છતાં રણોત્સવ અને નવરાત્રીમાં વિદેશી ટુરિસ્ટ ઓછા આવે છે

**રણોત્સવ અને નવરાત્રીમાં વિદેશીઓ ઓછા આવે છે...**

ગુજરાતમાં સરકાર દર વર્ષે ઉત્સવો કરે છે પરંતુ વળતર મળતું નથી. સરકારનો આશય વિદેશી ટુરિસ્ટને એકત્ર કરવાનો હોય છે પરંતુ આ ઉત્સવોમાં ટારગેટ પ્રમાણે વિદેશી ટુરિસ્ટ આવતા નથી. રાજ્યમાં રણોત્સવ, પતંગોત્સવ અને નવરાત્રી એમ ત્રણ ઉત્સવોમાં સરકારે પાંચ વર્ષમાં ૯૪.૧૮ કરોડ રૂપિયાનો ખર્ચ કર્યો છે, જેની સામે પાંચ વર્ષમાં રણોત્સવમાં માત્ર ૩૮, પતંગોત્સવમાં ૪૩૦ અને નવરાત્રીમાં માત્ર ૬૫ વિદેશી પ્રવાસીઓ આવ્યાં છે. આ વિદેશીઓ માટે સરકારે છ કરોડ રૂપિયાનો ખર્ચ કર્યો છે. આ ત્રણ ઉત્સવોની ઉજવણીમાં ગુજરાતી પરિવારોમાં ભારે ઉત્સાહ જોવા મળે છે. સરકારના વિદેશી પ્રવાસીઓને ખેંચી લાવવાના પ્રયાસો સફળ રહ્યાં નથી, એ ટુરિઝમ વિભાગના આંકડા બતાવી જાય છે.





**સરકારની વીજ ડ્યુટીનો આંકડો વર્ષે ૪૦૦૦ કરોડ...**

ગુજરાતમાં લોકોને વીજડ્યુટીમાં રાહત આપવામાં આવે તો હજારો નવા ઉદ્યોગો સ્થપાઈ શકે છે. રાજ્યમાં બેકારીનો પ્રશ્ન પણ હલ થઈ શકે, કેમ કે રાજ્ય સરકાર પ્રતિવર્ષ સરેરાશ ૪૦૦૦ કરોડ રૂપિયા માત્ર વીજ ડ્યુટીમાંથી ઉઘરાવે છે. રાજ્યમાં છેલ્લા પાંચ વર્ષમાં રેસિડેન્ટ વિસ્તારોના વીજ ગ્રાહકોએ તેમના વીજબીલમાં ૪૯૪૯ કરોડ રૂપિયાની ડ્યુટી ભરી છે. એવી જ રીતે ઉદ્યોગોએ જે ડ્યુટી ભરી છે તેનો આંકડો જોઈએ તો રાજ્યમાં ૨૦૦૦ કરતાં વધુ નવા ઉદ્યોગો અસ્તિત્વમાં આવે તેમ છે. ઉદ્યોગોની વીજડ્યુટીનો પાંચ વર્ષનો આંકડો ૧૫૩૩૭ કરોડ રૂપિયા થવા જાય છે.